## ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ, ગાંધીનગર

### સરકારી અને બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી – ૨૦૨૪ અન્વયે

### ફાઇનલ શાળા ફાળવણી થયેલ ઉમેદવારો માટે શાળા ફાળવણી પત્ર ડાઉનલોડ કરવા અંગેની સુચનાઓ

**તા.૨૭/૦૬/૨૦૨૫**

- સરકારી અને બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રિયા અન્વયે વિષયવાર, કેટેગરીવાર ઉપલબ્ધ ખાલી જગ્યાઓ સામે ઉમેદવારો દ્વારા મેરીટ ક્રમ પ્રેફરન્સના આધારે તા. ૨૧/૦૬/૨૦૨૫ ના રોજ કામચલાઉ શાળા ફાળવણી કરવામાં આવેલ હતી જેમાં બંને ભરતીમાં ફાળવણી થયેલ ૧૨૮૧ ઉમેદવારો પાસેથી કોઇ એક ભરતી માટે મળેલ સંમતિના આધારે આગળની પ્રક્રિયા હાથ ધર્યા બાદ **તા.૨૭/૦૬/૨૦૨૫** ના રોજ સરકારી ઉચ્ચતર માધ્યમિક અને બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી માટે **ફાઇનલ શાળા ફાળવણી** જાહેર કરવામાં આવેલ છે.
- શાળા પસંદગી ન આપનાર અને મર્યાદિત શાળા પસંદગી આપેલ ઉમેદવારો કે જેઓને શાળા ફાળવણી થયેલ નથી તેઓ સંબંધિત ભરતી પ્રક્રિયા અન્વયે પોતાનો હક્ક જતો કરવા ઇચ્છે છે તેમ માની તેઓને જે તે ભરતી પ્રક્રિયામાંથી બાકાત કરવામાં આવેલ છે જેની સંબંધિતોએ ખાસ નોંધ લેવી.
- શાળા ફાળવણી થયેલ ઉમેદવારોએ **તા.૨૭/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫** દરમિયાન www.gserc.in વેબસાઇટ પરથી શાળા ફાળવણી પત્ર મેળવવાનો રહેશે.
- ઓનલાઈન શાળા ફાળવણી પત્ર મેળવવા માટે, ………………………………
    - ઓનલાઇન શાળા ફાળવણી પત્ર મેળવવા માટે ઉમેદવારો જે રીતે ઓનલાઇન શાળા પસંદગી માટે Log-in થયા હતા તે જ રીતે Log-in થવાનું રહેશે.
    - સરકારી માટે ઉમેદવાર વેબસાઈટ www.gserc.in પર જઈ **Login for Higher Secondary Government** વિકલ્પ પસંદ કરવાનો રહેશે.
    - બિનસરકારી અનુદાનિત માટે ઉમેદવાર વેબસાઈટ www.gserc.in પર જઈ **Login for Higher Secondary Grant-in-aid** વિકલ્પ પસંદ કરવાનો રહેશે.
    - વિકલ્પ પસંદ કરી ખૂલેલ ચેકબોક્સમાં ઉમેદવારે પોતાનો ટાટ નંબર, જન્મતારીખ,પાસવર્ડ અને Captcha Code નાખી લોગઈન થવાનું રહેશે.
    - ત્યારબાદ School Allotment Letter બટન ક્લિક કરતાં શાળા ફાળવણી પત્રની Pdf ડાઉનલોડ થશે. જેની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.
- શાળા ફાળવણી થયેલ ઉમેદવારોએ શાળા ફાળવણી પત્રમાં દર્શાવ્યા મુજબની તારીખ, સમયે અને સ્થળે પોતાનો ભલામણ પત્ર અને નિમણૂક હુકમ મેળવવા હાજર થવાનું રહેશે.
- જિલ્લા કક્ષાએ સૂચવેલ સમયે અને તારીખે ગેરહાજર રહેનાર ઉમેદવાર નિમણુક માટે હક્દાર રહેશે નહીં અને આ અંગે ઉમેદવારની લેખિત કે મૌખિક કોઈપણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં.
- ઉમેદવારે જિલ્લા મથકે પોતાના શાળા ફાળવણી પત્રની નકલ, તમામ અસલ પ્રમાણપત્રો/ગુણપત્રકો/ દસ્તાવેજો તથા તેની સ્વપ્રમાણિત નકલ સાથે ઉપસ્થિત થવાનું રહેશે.
- શિ.વિ.ના તા.22/03/2017ના ઠરાવ ક્રમાંક પી.આઇ.ઈ./1/2017/સિંગલ ફાઇલ–6–ક ની જોગવાઇ અન્વયે જે ઉમેદવાર સરકારી અથવા ગ્રાન્ટ–ઈન–એઈડ ઉચ્ચતર માધ્યમિક શાળામાં હાલ સેવા બજાવતા હોય અને પોતાની નિમણૂંકની તારીખથી ૦૩ વર્ષના સમયગાળા પહેલા રાજીનામુ આપી સદર શાળા ફાળવણીથી

નવી નિમણૂંકમાં જોડાવા ઈચ્છતા હોય તેવા ઉમેદવારે રૂ. ૩,૦૦,૦૦૦/- (ત્રણ લાખ) રાજ્ય સરકારમાં જમા કરાવવાના રહેશે.

- જે ઉમેદવારો હાલ સરકારી/ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં કાર્યરત શિક્ષકો હોય (જ્ઞાન સહાયક અને અન્ય કરાર આધારિત શિક્ષક સિવાયના )"તેઓ સદર ભરતી પ્રક્રિયા અન્વયે તેઓને મેરીટ કમ પ્રેફરન્સના ધોરણે ફાળવવામાં આવેલ શાળામાં જો હાજર નહીં થાય તો બાળકોના શૈક્ષણિક કાર્ય સુધારણાના હેતુથી સરકારશ્રી દ્વારા હાથ ધરવામાં આવેલ ભરતી પ્રક્રિયાની સુચારૂ કાર્યવાહીમાં અવરોધ ઉભો કરવા તેમજ બેરોજગાર ઉમેદવારોને રોજગારીની તકથી વંચિત રાખી સરકારશ્રીના શિક્ષિત નાગરીકોને રોજગારી પુરી પાડવાના લક્ષમાં અવરોધ ઉભો કરવા બદલ તેઓએ પોતાના માસિક પગાર માંથી રૂ.૫,૦૦૦/- લેખે ૪૦ માસ માટે એમ કુલ રૂ. ૨,૦૦,૦૦૦/- (બે લાખ) સરકારશ્રીના સંબંધિત સદરે જમા કરાવવાના રહેશે.
- જે ઉમેદવારો હાલ સરકારી/ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં કાર્યરત શિક્ષકો નથી/અન્ય જગ્યાએ નોકરી કરે છે અને મેરીટ કમ પ્રેફરન્સને આધારે તેઓને ફાળવેલ આ શાળામાં હાજર ન થાય તો આવા ઉમેદવારોને અન્ય આગામી ભરતી પ્રક્રિયામાંથી બાકાત કરવામાં આવશે.
- શિ.વિ.ના તા.22/03/2017 ના ઠરાવ ક્રમાંક પી.આ.ઇ./1/2017/સિંગલ ફાઇલ-6-ક ની જોગવાઇ અન્વયે ઉમેદવારે ફરજિયાતપણે **300**/- રૂ.ના સ્ટેમ્પ પેપર પર નિયત નમૂનામાં જામીનખત ભલામણ પત્ર મેળવતા સમયે રજૂ કરવાનો રહેશે.જે ઉમેદવારને બંધનકર્તા રહેશે.**(**જામીનખતનો નમૂનો વેબસાઇટ પર ઉપલબ્ધ છે)
- ભલામણ પત્ર અને નિમણૂંક હુકમની તમામ શરતો ઉમેદવારને બંધનકર્તા રહેશે.
- નિમણૂંક હુકમ મેળવવા અન્વયે ઉમેદવારોએ પોતાના અસલ ગુણપત્રકો/પ્રમાણપત્રકો ખરાઇ અર્થે સંબંધિત શાળા મંડળને ત્રણ મહિના માટે જમા કરાવવાના રહેશે.
- રાજ્ય બહારની યુનિવર્સીટીમાંથી લાયકાત મેળવેલ ઉમેદવારોના કિસ્સામાં જિલ્લા કચેરી દ્વારા જે તે યુનિવર્સિટીમાંથી ગુણપત્રકો/પ્રમાણપત્રો તેમજ અન્ય જરૂરી આધારોની ખરાઈ બાદ જ ઉમેદવાર નિમણૂંકને હક્કદાર બનશે.
- ગુણપત્રકો/પ્રમાણપત્રો તેમજ અન્ય જરૂરી આધારો અયોગ્ય જણાશે તો આપેલ નિમણૂંક રદ કરવામાં આવશે.
- **ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ આપ સર્વેનું શિક્ષણ વિભાગમાં સ્વાગત કરે છે અને આપસૌને શિક્ષણ વિભાગના સંનિષ્ઠ કર્મયોગી બનવા અંગે શુભકામનાઓ પાઠવે છે.**